# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૭૪૧૦-3 — તારીખ : ૦૧ - ૧૧ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
એન્ટિલા સિરામિક પ્રા. લિ.
મોરબી-જેતપર રોડ,
મું. પો. : બેલા, તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૧
મોબાઈલ : ૯૭૧૨૯૨૬૨૮૭

વિષય : HT વીજજોડાણમાં ફેક્ટરી બંધ હોવા છતાં સપ્ટે.-૨૦૨૨ નું એવરેજ બીલ આપવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૬-૧૦-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૪/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપર મોરબી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૪/ક્વા-૩/૨૨-૨૩/ 7410-3** તા. 01-11-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૦૪/ક્વા-૩/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : એન્ટિલા સિરામિક પ્રા. લી. ગામ: બેલા |
| રજૂઆત કરનાર | : અરજદારના પ્રતિનિધિ તરીકે શ્રી ભગીરથ વી. ગોરીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી – ૨ |
| રજૂઆત કરનાર | : શ્રી જે.સી. ગોસ્વામી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી મોરબી-૨ હાજર રહેલ છે. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૮.૧૦.૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૧૦.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## ::અરજદારની રજૂઆત::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ મોરબી-૨ વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૨૬૮૦૨ થી ૭૦૦ KVA નું HT વિજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં ગ્રાહકને માહે સપ્ટેમ્બર-૨૦૨૨ નું HT વિજજોડાણનું બિલ રૂ.૧૫,૮૨,૩૪૦/- આપવામાં આવેલ છે, તે બિલની ખરાઈ કરતાં માલુમ પડેલ છે કે સદર વિજજોડાણનું CTPT ખરાબ થવાનાં કારણે મીટરમાં રીડિંગ દર્શાવેલ નથી જેથી તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધીનાં સમયગાળાનું વીજબીલ સરેરાશ બિલ મુજબ આકારેલ છે.

૨.૧ અરજદાર વધુમાં જણાવે છે કે છેલ્લાં કેટલાક મહિનાઓથી ફેક્ટરીના ગેસ ફ્યુલમાં ખુબજ ભાવવધારા થવાના તથા અન્ય કારણોને લીધે મોરબી સિરામિક એસોસીએશન દ્વારા બધા સિરામિક યુનિટોની સામુહિક રીતે તા.૧૦.૦૮.૨૦૨૨ થી તા.૧૦.૦૯.૨૦૨૨ સુધી બંધ રાખવાની જાહેરાત કરેલ છે અને તા.૧૫.૦૮.૨૦૨૨

થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધી લોડીંગ બંધ રાખવાની જાહેરાત કરેલ છે જે વિવિધ મીડિયામાં આપવામાં આવેલ છે, જેની નકલ રજુ કરેલ છે.

૨.૨ સદર બંધની પ્રક્રિયામાં અરજદારની ફેક્ટરી પણ સામેલ હતી. જેના ભાગરૂપે અરજદાર દ્વારા તા.૧૨.૦૮.૨૦૨૨ થી તા.૧૪.૦૯.૨૦૨૨ સુધી પ્રોડકશન બંધ રાખેલ. ત્યારબાદ અરજદાર દ્વારા ફેક્ટરી પ્રોડકશન શરૂ કરવા માટે ભઠ્ઠી લાઇટ અપ કરવામાં આવેલ અને તા.૧૫.૦૯.૨૦૨૨ થી પ્રોડકશનની શરૂઆત કરવામાં આવેલ છે. તેમ છતાં PGVCL દ્વારા તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધીનાં સમયગાળાનું અગાઉનાં ત્રણ મહિનાનું સરેરાશ ગણીને બિલ આપવામાં આવેલ છે જે બિલકુલ યોગ્ય નથી.

૨.૩ અરજદાર વધુમાં જણાવે છે કે ફેક્ટરી ચાલુ કરવાની શરૂઆત કરવાની હોવાથી તા.૧૩.૦૯.૨૦૨૨ નાં રોજ રીડિંગ લેવાં જતાં માલુમ પડેલ કે મીટરના ડિસ્પ્લેમાં કઈ દેખાતું નથી અને તેના અનુસંધાને અરજદારે તા.૧૪.૦૯.૨૦૨૨ સંલગ્ન વિભાગીય કચેરીને લેખિતમાં જાણ કરેલ, સદર બાબતે તપાસ કરતા માલુમ પડેલ કે CTPT ખરાબ થવાનાં કારણે બનેલ હોય શકે, જેથી તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ સદર વિજજોડાણમાં CTPT બદલાવેલ છે અને CTPT બદલાવતા મીટર ડિસ્પ્લે ચાલુ થઈ ગયેલ. આમ પીજીવીસીએલની સિસ્ટમમાં ખામી થવાનાં કારણે જે-તે સમય દરમ્યાન વપરાશ ન હોવાં છતાં સરેરાશ બિલ આપવામાં આપેલ છે, જે અન્યાયકર્તા છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓની ફેક્ટરી તા.૧૪.૦૯.૨૦૨૨ થી શરૂ કરેલ હોય તે સમયગાળાને ધ્યાનમાં લેવાં વિનંતી, તેમજ તેઓ દ્વારા માહે સપ્ટેમ્બર-૨૦૨૨ નું બિલ વાંધા હેઠળ ભરપાઈ કરેલ છે, તો તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૪.૦૯.૨૦૨૨ સુધીના બંધ સમયગાળા મુજબનાં દૈનિક વપરાશ મુજબ બિલ સુધારી આપવા તેમજ સદર ફેક્ટરીમાં ED માફી માટે અલગથી મીટર મુકવામાં આવેલ છે જેના રેકર્ડનો આધાર લઈને પણ તપાસ કરાવી શકો છો કે ફેક્ટરી ખરેખર ક્યાથી શરુ થઇ અને તે અગાઉના સમયગાળામાં કેટલો વપરાશ થયેલ છે જે અન્વયે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે મેસર્સ એન્ટિલા સીરામીક પ્રા.લી. ગ્રાહક નંબર **26802** થી **700** કેવીએનું એચ.ટી. વિજજોડાણ ધરાવે છે. એન્ટિલા સીરામીક પ્રા.લી. ગ્રાહક નંબર **26802** ના મીટરની ડિસ્પ્લેબંધ અંગેની અરજી તા.૧૪.૦૯.૨૦૨૨ ના અનુસંધાને સદર વીજજોડાણ તા.૧૭.૦૯.૨૦૨૨ નાં રોજ ચેક કરતા વીજજોડાણનું સી.ટી.પી.ટી. ૪૦/૫ એમ્પ. કેપેસીટીનું યુનિટ એલ.વી. સાઈડ ફેઈલ હોવાને લીધે મીટર ડિસ્પ્લે બંધ હોવાનું જાણવા મળેલ, વધુમાં આ સમયગાળા દરમ્યાન અરજદારને મળતો વીજપુરવઠો રાબેતા મુજબ ચાલુ હોવાનું જાણવા મળેલ.

3.૧ ઉપરોક્ત એલ.વી. સાઈડ ફેઈલ સી.ટી.પી.ટી યુનિટને તા.૧૭.૦૯.૨૦૨૨ નાં રોજ બદલાવતા મીટર ડિસ્પ્લે ચાલુ થઈ ગયેલ. સદર મીટરના MRI ડેટાનો અભ્યાસ કરતા મીટરમાં પાવરઓફ તા.૦૧.૦૯.૨૦૨૨ અને પાવરઓન તા.૧૭.૦૯.૨૦૨૨ બતાવે છે. આમ આ સમય દરમ્યાન અરજદારનો વીજપુરવઠો રાબેતા મુજબ ચાલુ હોવા છતાં મીટરમાં વીજવપરાશ નોંધાયેલ નથી. જેથી સદર સમય દરમ્યાન અરજદાર દ્વારા કેટલો વીજવપરાશ કરેલ છે તે નક્કી થઈ શકે નહિ. વધુમાં ED માફી માટે મુકવામાં આવેલ અલગ મીટરના રેકર્ડના આધારે ખરેખર ઉપરોક્ત સમય દરમ્યાન અરજદાર દ્વારા કુલ કેટલો વીજવપરાશ કરેલ છે તે નક્કી થઈ શકે નહિ જેથી સદર રજૂઆત લક્ષમાં લઈ શકાય નહિ.

૩.૨ સપ્લાયકોડ 2015 clause No. 6.58 મુજબ અરજદારનું માહે સપ્ટેમ્બર-૨૦૨૨નું વીજબીલ તા.૧૬.૦૮.૨૦૨૨ થી ૦૧.૦૯.૨૦૨૨ સુધી MRI ડેટા મુજબ રીડીંગ લઈને તથા તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધીના સમયનું બિલીંગ એવરેજ મુજબ આપેલ છે જેની ગણતરી ફોરમ અને અરજદારને લેખિત પત્ર દ્વારા આપેલ છે, તે મુજબ ૧૭૦૪૬૨ યુનિટનું વિજબીલ આપવામાં આવેલ છે જે કંપનીના નિયમાનુસાર હોય સદર બિલ રિવાઈઝ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

3.3 પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીચે મુજબ અરજદારના વીજબીલની ગણતરી કરેલ છે.

Cons. No. – 26802, Name - M/s Antila Ceramic Pvt. Ltd., C.D. = 700, Days = 15

| Avg Due To Actual Reading Not Noted In Meter After 31.08.2022 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Total days of avg. Is of last 03 months | | | | | | |
| Month sep-22 | Kwh | Kvah | Peak | Night | | |
| Current- 31.08.22 as per reading sheet | 1331985 | 1363345 | 434942 | 477328 | | |
| Past-16.08.2022 | 1329827 | 1361185 | 434266 | 476592.5 | | |
| Diff | 2158.5 | 2160.5 | 676 | 735.5 | | |
| MF | 8 | 8 | 8 | 8 | | |
| **TOTAL** | **17268** | **17284** | **5408** | **5884** | | |

| Month | Kwh | Kvah | Peak | Night | Days | Amd |
|---|---|---|---|---|---|---|
| Jun-22 | 289468 | 298856 | 96848 | 89952 | 30 | 783 |
| July-22 | 216048 | 227508 | 69616 | 69544 | 31 | 855 |
| August-22 | 434072 | 442592 | 138984 | 148068 | 31 | 868 |
| Total | 939588 | 968956 | 305448 | 307564 | 92 | |
| Total / 92 so one day unit | 10213 | 10532 | 3320 | 3343 | | |
| One day *15 | 153194 | 157982 | 49801 | 50146 | 31 | |
| Total unit Dr. | **153194** | **157982** | **49801** | **50146** | | **835.33** |
| **Grand total unit in sep-22 bill** | 170462 | 175266 | 55209 | 56030 | | |

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રીની રજૂઆત મુજબ તેઓ મોરબી-૨ વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૨૬૮૦૨ થી ૭૦૦ KVA નું HT વિજ્જોડાણ ધરાવે છે. સદર વીજ્જોડાણમાં ગ્રાહકને તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધીનું માહે સપ્ટેમ્બર-૨૦૨૨ નું HT વિજ્જોડાણનું બિલ ગ્રાહકને રૂ.૧૫,૮૨,૩૪૦/- નું આપવામાં આવેલ છે, પરંતુ તા.૧૦.૦૮.૨૦૨૨ થી તા.૧૦.૦૯.૨૦૨૨ સુધી મોરબી સિરામિક એસોસિએશન દ્વારા સામુહિક રીતે યુનીટ બંધ રાખવાની જાહેરાત કરાયેલ હતી, તે મુજબ તા.૧૫.૦૮.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધી ફેક્ટરી બંધ હોવાથી પીજીવીસીએલ દ્વારા અપાયેલ સરેરાશ વપરાશનું બીલ અન્યાયી હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ દ્વારા અરજદાર અને ફોરમને કરેલ લેખિત રજૂઆત તા.૧૫.૧૦.૨૦૨૨ મુજબ અરજદારના વીજ્જોડાણ ગ્રાહક નં-૨૬૮૦૨ ના મીટરનું ડિસ્પ્લે બંધ હોવા અંગેની અરજી તા.૧૪.૦૯.૨૦૨૨ ના રોજ પીજીવીસીએલને કરતા તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના સદર વીજ્જોડાણની ચકાસણી ચેકિંગ શીટ નં HTMRC 11100 મુજબ CTPT ખરાબ થયેલ હોવાથી CTPT બદલાવીને મીટરની એક્યુરેસી તપાસતા નિર્દિષ્ટ મર્યાદામાં જણાયેલ તેમજ મીટર સીરીયલ નં PG5A7883 નો એમ.આર.આઈ. રીપોર્ટ લીધેલ છે.

૪.3 ઉપરોક્ત એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા લોડ સર્વે ડેટા મુજબ તા.૦૧.૦૯.૨૦૨૨ થી મીટરમાં કોઈ વીજ પેરામીટર રેકર્ડ થયેલ નથી તેમજ મીટરના પાવર બંધ હોવાનો રીપોર્ટ તપાસતા તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૭.૦૯.૨૦૨૨ સુધી મીટરમાં પાવર સપ્લાય બંધ રહેલ છે.

૪.૪ અરજદારની રજૂઆત મુજબ વીજકર માફી માટે નિયમ અનુસાર અલગથી વીજમીટર મુકવામાં આવેલ છે જેનો આધાર લઇને પણ ફેક્ટરી ક્યારથી શરૂ થઇ અને અગાઉના સમયગાળામાં કેટલો વપરાશ થયેલ છે તેનો આધાર લઈને વીજબીલ રીવાઈઝ કરવા જણાવેલ જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ ફેક્ટરીમાં પ્રોડક્શન માટે વપરાશ થયેલ છે કે નહિ તે નક્કી કરી શકાય નહિ.

૪.૫ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા CTPT માં ખામી હોવાને કારણે મીટરમાં પાવર સપ્લાય ન મળવાના કારણોસર તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધી વીજવપરાશની વિગતોનો રેકર્ડ થયેલ નથી. સદર બાબતોને ધ્યાનમાં રાખતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજબીલ માહે જુન-૨૦૨૨, જુલાઈ-૨૦૨૨ અને માહે ઓગષ્ટ-૨૦૨૨ ના વીજવપરાશને ધ્યાને રાખીને સરેરાશ વીજ વપરાશ મુદ્દા નં ૩.૩ મુજબની વિગતે ગણતરી કરીને વીજબીલ માહે સપ્ટેમ્બર-૨૦૨૨ (તા.૧૬.૦૮.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધી) નું બીલ ગ્રાહકને આપેલ છે, જેમાં તા.૧૬.૦૮.૨૦૨૨ થી તા.૩૧.૦૮.૨૦૨૨ સુધીનો બિલીંગ ડેટા મીટરના એમ.આર.આઈ. અહેવાલમાં રેકર્ડ થયેલ હોય તે મુજબનો વીજવપરાશ અને તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ દરમ્યાન અગાઉના ૦૩ મહિનાના દિવસોની સરેરાશ વપરાશને ગણીને પ્રતિદિન સરેરાશ વીજવપરાશને ધ્યાને લઇને વીજબીલની ગણતરી કરેલ છે.

૪.૬ નામદાર GERC ના ધારાધોરણ–એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "...ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને /અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે."

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ થી ૪.૬ મુજબની વિગતે અરજદારના સદર વીજજોડાણમાં CTPT ના એલ.ટી.સાઈડ ફોલ્ટી હોવાના કારણોસર વીજમીટરમાં વીજ વપરાશની વિગતો તારીખ:૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધી રેકર્ડ થયેલ નથી. અરજદારની અરજી અન્વયે તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ ફોલ્ટી CTPT બદલાવીને મીટરનો એક્યુચેક ટેસ્ટ લેતા એક્યુરેસી (-0.0૯%) નિર્દિષ્ટ મર્યાદામાં જણાયેલ તેમજ સદર મીટર સીરીયલ નં PG5A7883 નો એમ.આર.આઈ. રીપોર્ટ લીધેલ છે તે પ્રમાણે તા.૩૧.૦૮.૨૦૨૨ સુધીના વીજ વપરાશની વિગતો રેકર્ડ થયેલ છે. સદર બાબતોને ધ્યાને લઇને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના વીજ મીટરમાં વાસ્તવિક (તા.૧૬.૦૮.૨૦૨૨ થી તા.૩૧.૦૮.૨૦૨૨) થયેલ વીજ વપરાશ અને મીટરમાં રેકોર્ડીંગ બંધ (તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨) ની સ્થિતિમાં અગાઉના ૦૩ માસની સરેરાશ વીજ વપરાશને ધ્યાને લઇને ગ્રાહકને માહે સપ્ટેમ્બર-૨૦૨૨નું વીજબીલ આપેલ છે જે યોગ્ય છે. તેમજ બાકી રહેલ ૧૬.૦૯.૨૦૨૨ ના એક દિવસનું બીલ મુદ્દા નં ૩.૩ મુજબની વિગતે પ્રતિદિન સરેરાશ વીજવપરાશ ગણતરી કરેલ છે તે મુજબ ગ્રાહકના વીજબીલમાં વસુલવાની કાર્યવાહી કરવી.

૪.૮ અરજદાર દ્વારા તા.૧૦.૦૮.૨૦૨૨ થી તા.૧૦.૦૯.૨૦૨૨ સુધી પ્રોડક્શન બંધ રાખીશ અને તા.૧૫.૦૮.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધી ડીસ્પેચ બંધ રાખીશ જેની સહમતી દર્શાવતો પત્ર તા.૦૨.૦૭.૨૦૨૨ નો જોડેલ છે અને અરજદારની અરજીમાં કરાયેલ રજૂઆત કે તેઓએ તા.૧૨.૦૮.૨૦૨૨ થી તા.૧૩.૦૯.૨૦૨૨ સુધી પ્રોડક્શન બંધ કરેલ હતું તે અરજદારના વીજજોડાણના મીટરના એમ.આર.આઈ.માં નોંધાયેલ વીજવપરાશની વિગતો સાથે ચેક કરતા માન્ય રાખી શકાય નહિ.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot